ઉત્પતિ,

પ્રેરિતોનાં કૃત્ય

અને

થેસ્સાલોનીકીઓના પત્ર.

ભાષાંતર કરનાર,

જે. સોલાંકી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મીસ. એ. એ. એબટ.

નં૦ ૪૭. મઝગામ રોડ, મુંબઈ.

કીંમત રૂ. ૦-૧-૬

પ્રત. ૧૦૦૦. આવૃત્તિ પહેલી

શન. ૧૯૧૪.

ધર્મ વિજય પ્રેસ પાયધુની નં૦ ૫૭૨ મુંબઈમાં હરજીવન ભગવાને છાપ્યું.

ઉત્પત્તિ.

ભાગ ૧.

જગત્‌ની ઉત્પત્તિથી માણસના પતન સુધી. ૧-૩.

૧ ઉત્પત્તિની શરૂઆત	૧ ૧
૨ પૃથ્વીની હાલત.	૧ ૨, યિર્મે. ૪ ૨૩-૨૬.
૩ નવી શરૂઆત	૧ ૩-૨૭
૪ ઇશ્વરનો વિશ્રામનો વાર, ઉદ્ધારના પૂર્ણ થએલા કામમા વિશ્વાસીઓના વિશ્રામનુ નિદર્શન.	હેબ્રી ૩-૪.
૫ ઉત્પત્તિનો સારાશ અને ઉત ૧ ૨૭ મા આવતા ઉત્પાદક કૃત્યનુ વર્ણન	૨ ૪-૭
૬. પાપરહિત માણસનું રહેઠાણ અને એદનનો કરાર	૨ ૮-૧૭

પ્રશ્નો.

૧. આકાશ અને પૃથ્વી ક્યારે ઉત્પન્ન કરાયા?

૨. ઇશ્વરે કહ્યુ કે "અજવાળુ થાઓ" તે પહેલા પૃથ્વીની હાલત કેવી હતી?

૩ ઉત્પત્તિમા ત્રિએકપણાની આપણને શી સાબીતી મળે છે? યોહાન. ૧:૧-૩. ૧ ૧-૨.

૪. પહેલે દિવસે ઇશ્વરે શુ કર્યુ?

૫. બીજે દિવસે ઇશ્વરે શું કર્યુ?

૬. ત્રીજે દિવસે ઇશ્વરે શું કર્યું ?

૭ ચોથે દિવસે ઇશ્વરે શું કર્યું ?

૮. પાંચમે દિવસે ઇશ્વરે શું કર્યુ ?

૯ છઠ્ઠે દિવસે ઇશ્વરે શુ કર્યું ?

૧૦. "હવે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન કીધું" એનો અર્થ શો ?

૧૧. આકાશો તથા પૃથ્વી પુરા થયા ત્યારે ઇશ્વરે શુ કર્યું ?

૧૨. તેણે સાતમો દિવસ કેવી રીતે જુદો પાડ્યો?

૧૩. ઇશ્વરનો વિશ્રામનો વાર એ શાનું નિદર્શન છે? હેબ્રી. ૪ ૧-૧૦.

૧૪. શરૂઆતમા વરસાદને બદલે શુ થતું હતું ?

૧૫. માણુસની ઉત્પત્તિનુ બીજા અધ્યાયમા વધારે ખુલાસાવાર વર્ણન કેમ કર્યું છે?

૧૬. તેના રહેઠાણની જગ્યાનુ વર્ણન કરો.

૧૭. આદમ અને હવાને કઇ સાત ગણી જુમ્મેદારી સોંપવામાં આવી હતી?

(૧) નવા જમાનાના માણસથી પૃથ્વીને ભરપૂર કરવી	૧ ૨૮;
(૨) માણુસના ઉપયોગને માટે પૃથ્વીને વશ કરવી	૧ ' ૨૮,
(૩) પ્રાણી સૃષ્ટિ ઉપર અમલ ચલાવવો	૧ ૨૮,
(૪) વનસ્પતિ અને ફળ ખાવા	૧ : ૨૯;
(૫) વાડી ખેડવી અને સભાળવી	૨ ૧૫,
(૬) ભલુ ભુંડું જાણવાના વૃક્ષનુ નહિ ખાવુ	૨ . ૧૬–૧૭.
(૭) મરણની શિક્ષા.	૨ , ૧૭.

૧૮. હવા એ કોનુ નિદર્શન છે?

ભાગ ૨.

માણુસના પતનથી જળ પ્રલય સુધી. ૩–૪ : ૨૬.

૧. હવાનું પરિક્ષણ, ૩ ૧–૭

(ક) ઇશ્વરની ઉદારતાના અવિશ્વાસની સુચના,

(ખ) ઇશ્વરના વચનમા ઉમેરો કરવો,

(ગ) પ્રથમ જુઠ, યોહાન ૮ ૪૪,

(ઘ) અભિમાન ને અરજ, યશા. ૧૪ ૧૨–૧૪,

(ચ) પતન, ૩ . ૪–૭.

૨. શોધતો ઇશ્વર. તેનો વિશ્રામવાર ભગ, તેનુ નવુ કામ શરૂ થયુ.	૩ ૮–૧૩.
૩. બીજો અથવા આદમનો કરાર.	૩ ૧૪–૧૯.
૪. વાડીમાથી કહાડી મુકાય છે.	૩ ૨૨–૨૪.
૫. આદમ અને હવાના પ્રથમ પુત્રો	૪ ૧-૨.
૬. બે અર્પણ	૪ ૩–૭.
૭. પહેલો સુંવારો.	૪ : ૧૬–૨૨.
૮. આત્મિક બીજ તાજું કર્યું.	૪ : ૨૫–૨૬.

૪

પ્રશ્નો.

૧. પ્રથમ પાપ કયુ થયું અને તેના પગથીઆં કેવા હતા?

૨. તેમના પાપનુ પહેલુ પરિણામ શુ થયુ? અને બીજું પરિણામ શુ થયુ? ૩ ૭-૮

૩. ઇશ્વરે તેમને કેવી રીતે શોધ્યા? ઇશ્વરનુ નવુ કામ શું હતું?
યોહાન. ૫ : ૧૭, ૯ ૪.

૪ આદમનો કરાર કેવો હતો? સર્પ શ્રાપિત, એક તારનારનુ પ્રથમ વચન, સ્ત્રીની બદલાયલી હાલત, પૃથ્વી શ્રાપિત, દુખ, મહેનત, અને શારીરિક મરણ
૩ ૧૪-૧૯.

૫ પતન પછી જીવનના વૃક્ષની રક્ષા કરવાનું શા માટે જરૂરી હતુ?

૬ કાઇનનો જન્મ થયો ત્યારે હવાએ શુ કહ્યુ, અને તેને કેવો વિચાર આવ્યો હશે?

૭ કાઇન અને હાબેલ ઇશ્વર પાસે કેવા અર્પણ લાવ્યા? શા માટે હાબેલનુ માન્ય થયું અને કાઇનનુ માન્ય ન થયુ?

૮ કાઇનના વંશજો કેવા ધંધા કરતા? ૪ · ૧૬-૨૪.

૯. આત્મિક બીજ તરીકે હાબેલની બદલીમા કોણ જન્મ્યું હતુ?

ભાગ ૩.

જળ પ્રલયથી ઇબ્રામ સુધી. ૪:૨૬-૧૧:૯.

પ્રશ્નો.

૧. આત્મિક બીજ કેવી રીતે ભ્રષ્ટ થયુ ?

૨ ઇશ્વરની ચેતવણી કેવી હતી ?

૩ તે વખતનો સુધારો કેવો હતો ? લુક ૧૭ ૨૭.

૪ જગતની ભુંડાઇના કારણથી ઇશ્વરે શુ કરવાનો ઇરાદો કર્યો ?

૫. ન્યાયમા પણ ઇશ્વરે કેવી રીતે દયા અને કૃપા બતાવી ?

૬. કયા બે માણસો વિષે કહ્યુ છે કે તેઓ દેવની સાથે ચાલ્યા ?

૭. જળપ્રલયમાંથી કોણુ કોણુ બચ્યું અને કેવી રીતે ?

૮ વહાણમાંથી બહાર આવવા પછી નુહનું પ્રથમ કૃત્ય કયુ હતુ ?

૯. નુહનો કરાર કેવો હતો ?

(૧) આદમના કરારમાંનો માણસનો પૃથ્વી સાથેનો સંબંધ બહાલ રખાય છે, ૮ ૨૧,

(૨) કુદરતનો નિયમ બહાલ રખાય છે,

(૩) માનુષી સત્તા કાયમ થાય છે, અને

(૪) પૃથ્વીનો બીજીવાર પાણીથી નાશ નહિ થશે એવુ વચન આપવામા આવે છે.

૧૦ નુહે પોતાના ત્રણ દિકરા વિષે કેવી ભવિષ્ય વાત કહી ?

૧૧. નહના વંશજોની તૃષ્ણાની શિક્ષા ઇશ્વરે કેવી રીતે કરી ?

ભાગ ૪.

ઇબ્રામના તેડાથી ઇશ્માએલના જન્મ સુધી. ૧૧ : ૯ – ૧૫.

પ્રશ્નો.

૧. ઇશ્વરનું ઇબ્રામને કેવું તેડું હતુ ?

૨. તે કેવો આશિન થયો ? પ્રે. કૃ. ૭ ૩-૪.

૩. ઇબ્રામે પોતાની સાથે દેશમા કોને લીધો અને તે કયાં જઇ વસ્યો ?

૪. "બેથેલ" નો અર્થ શો છે ? દેવનું ઘર.

૫. કયા પરિક્ષણથી ઇબ્રામે બેથેલ છોડયુ, અને તેણે કયુ પાપ કર્યું ?

૬, આ આપણને કેવો આત્મિક પાઠ શીખાડે છે ?

૭ આશિર્વાદની જગ્યાએ ઇબ્રામ પાછો કેવી રીતે આવ્યો ?

૮. ઇબ્રામ અને લોટ શા માટે જુદા થયા ?

૯. લોટે શું પસંદ કર્યું અને જોખમની જગ્યામાં ધીમે ધીમે કેવી રીતે જઇ ચઢયો ?

૧૦. આ આપણને જગત્ પસંદ કરવાની મૂર્ખાઇ કેવી રીતે બતાવે છે ?

૧૧. ઇબ્રામનો કરાર શો હતો ?

૧૨. ઇબ્રામના રહેઠાણની બીજી જગ્યા—હેબ્રોન, જેનો અર્થ સંગત થાય છે તે નામમાં શો ભાવાર્થ રહેલો છે?

૧૩. લોગનો છોડાવનાર થવાને તે આથી કેવી રીતે સિદ્ધ કરાયો?

૧૪ રાજાઓને મારીને પાછા વળતા ઇબ્રામને ઇશ્વરનું કયું નવું પ્રકટીકરણ થયું?

૧૫. ઇશ્વરના આ નવા પ્રકટીકરણની અસર ઇબ્રામ ઉપર કેવી થઇ?

૧૬. આ પછી કરાર કેવી રીતે કાયમ કરાયો અને ઇબ્રામના સંતાન વિષે કેવું વચન અપાયું?

ભાગ ૫.

ઇશ્માએલના જન્મથી ઇસ્હાકના જન્મ સુધી. ૧૬–૨૧.

પ્રશ્નો.

૧. સંતાન સંબંધીનું ઇશ્વરનું વચન જલદીથી પુરૂં પાડવાને સારાહે કેવો પ્રયત્ન કર્યો?

૨. ઇશ્વરે હાગારની ગરજ કેવી રીતે પુરી પાડી અને તેણે તેણીને કેવુ વચન આપ્યુ?

૩. ઇબ્રામને ઇશ્વરનુ બીજુ પ્રકટીકરણ કયુ થયું?

૪. ઇબ્રામનુ નામ બદલીને ઇબ્રાહીમ કેમ રાખ્યું?

૫. કરાર સ્થાપન કરવાને શી નિશાની આપવામાં આવી?

૬. આ વખત ઇબ્રાહીમને કયુ વચન આપવામા આવ્યુ, અને તેને આ વચન અપાયુ ત્યારે કેટલો ઘરડો હતો?

૭. ઇબ્રાહીમે ત્રણ પરદેશીઓની આગતા સ્વાગતા કેવી કરી, અને નવા કરારમા એ વિષે શી સૂચના કરી છે? હેબ્રી ૧૩ : ૨.

૮. ઇસ્હાકના જન્મ વિષેનું વચન કેમ ફરી તાજું કરવામાં આવ્યુ?

૯. ઇબ્રાહીમના વિશ્વાસ વિષે નવા કરારમાં શું કહેલું છે? રૂમી. ૪ ૩, ૪ ૧૭-૨૧.

૧૦. ઇશ્વરે ઇબ્રાહીમને સદોમ વિષે શું જણાવ્યું, અને ઇબ્રાહીમે શી પ્રાર્થના કરી?

૧૧. સદોમ શહેરનો નાશ કરવામાં આવ્યો ત્યારે લોટને બચાવી લેવાનું શું કારણ આપેલું છે?

૧૨. લોટની વહુનું શુ થયું, અને તેણીને આવી શિક્ષા કેમ થઇ?

૧૩ નવા કરારમા આ વિષે કેવી ગભીર સૂચના કરી છે? લુક ૧૭ ૩૨

ભાગ ૬.

ઇસ્હાકના જન્મથી યાકુબના જન્મ સુધી. ૨૧-૨૫ : ૧૧.

૧. ઇસ્હાકનો જન્મ	૨૧	૧-૮.
૨ દાસી તથા તેના દિકરાને કહાડી મૂકવા	૨૧	૯-૨૧.
૩. ઇબ્રાહીમ બેરશેબામા.	૨૧	૨૨-૩૪.
૪ ઇસ્હાકનુ અર્પણ	૨૨	૧-૧૩
૫ ઇબ્રાહીમનો કરાર કાયમ કરાય છે.	૨૨	૧૫-૧૯.
૬ સારાહનુ મરણ તથા દફન.	૨૩.	
૭ ઇસ્હાકને માટે બાયડી પસદ કરાય છે	૨૪	
૮. ઇબ્રાહીમનુ મરણ	૨૫	૭-૧૧

પ્રશ્નો.

૧. ઇસ્હાકના જન્મ વિષે કહો, તે નામનો અર્થ ગો અને એ નામ શા માટે પાડવામા આવ્યુ?

૨. ઇબ્રાહીમના ઘરમા મુશ્કેલી કેવી રીતે ઉભી થઇ અને તેનો નિકાલ કેવી રીતે કરવામા આવ્યો?

૩ નવા કરારમા જુના અને નવા માણસના નિદર્શન તરીકે ઇશ્માએલ અને ઇસ્હાકની જે વાત આવે છે તે કહો. ગલા. ૪ ૨૧-૩૧.

૪. હાગાર અને ઇશ્માએલનું શુ થયુ?

૫૦૮૫

૫. ઇબ્રાહીમે અબીમેલેખની સાથે કેવો કરાર કર્યો?

૬ ઇબ્રાહીમના વિશ્વાસની મોટી પરિક્ષા શી થઇ અને તે કેવો આજ્ઞાંકિત થયો?

૭ ઇબ્રાહીમ કેવી રીતે ઇશ્વરનુ નિદર્શન છે?

૮ ઇશ્વરની શક્તિ વિષે તેનો વિશ્વાસ કેવો હતો એ વિષે આપણને નવો કરાર શું કહે છે? હેબ્રી ૧૧ ૧૭-૧૮.

૯ ઇસ્હાકનુ અર્પણ કયા થયુ અને ઇબ્રાહીમે તે જગ્યાનુ શુ નામ પાડયું?

૧૦ કરાર ફરીથી કેવી રીતે કાયમ કરાયો?

૧૧. મસીહ વિષે ત્યા કયુ વચન આપેલુ છે?

૧૨, સારાહ કયા મરણ પામી અને તેના દફનના સબંધમા કઇ અગત્યની બીના બની?

૧૩. ઇસ્હાકને માટે બાયડી પસંદ કરવાની વાતનુ વર્ણન કરો.

૧૪. આ સુદર વાતમા શી સૂચના રહેલી છે?

૧૫ ઇબ્રાહીમ મરણ પામ્યો ત્યારે કેટલો ઘરડો હતો અને તેને કયા દાટવામાં આવ્યો?

ભાગ ૭.

યાકુબના જન્મથી યુસફના મિસરમાં વેચાવા સુધી.
૨૫ : ૨૪–૩૭.

પ્રશ્નો.

૧. એસાવ અને યાકુબ વિષે તેમના જન્મ અગાઉ શુ કહેવામા આવ્યું હતું ?

૨. એસાવ અને યાકુબની વર્ત્તણુંકમા શો ફેર હતો ?

૩. જ્યેષ્ઠપણુ એટલે શુ ?

૪. યાકુબે તે કેવી રીતે મેળવવા ચાહ્યું, અને પરિણામ શુ થયુ ?

૫. ઇસ્હાકને કરાર કેવી રીતે કાયમ કરી આપ્યો ?

૬. ઇસ્હાક તેના બાપના જેવાજ પાપમાં કેવી રીતે અને કયાં પડયો ?

૭. ઇસ્હાકના કુવા ખોદવાનુ પરિણામ શુ આવ્યુ ? કુવાઓનાં નામના અર્થ કહો.

૮. યાકુબે આશિર્વાદ કેવી રીતે મેળવ્યો ?

૯. એસાવને જ્યારે તેના ભાઇના કૃત્યની જાણ પડી ત્યારે કેવુ લાગ્યું અને આ વિષે નવા કરારમાં શી વાત આવે છે ? હેબ્રી. ૧૨ ૧૬-૧૭.

૧૦. ઇશ્વરે ઇબ્રાહીમને આપેલુ વચન કેવી રીતે અને કયારે યાકુબને ફરીથી આપવામાં આવ્યુ ?

૧૧. યાકુબે સ્વપ્નની જગ્યાની નિશાની શી કરી અને તેણે કેવી માનતા લીધી ?

૧૨ યાકુબ હારાનમા રહ્યો તે વખતની વાત કહો.

૧૩ તેનુ વેતન કેટલીવાર બદલી નંખાયુ ?

૧૪. તેના કનાન પાછા ફરવા વિષે કહો.

૧૫. યાબ્બોક નદી આગળ શું બન્યું ? યાકુબના જીવનમાંથી, અને ખાસ કરીને આ બનાવ પરથી આપણને કેવી આત્મિક શિખામણ મળે છે ?

૧૬, એસાવ અને યાકુબની ભેટ વિશે કહો.

૧૭ ઇશ્વરના હુકમથી યાકુબ કઇ જગ્યાએ પાછો ગયો?

૧૮. ક્યાં અને કેવી રીતે રાહેલ મરણ પામી તે કહો ઇસ્હાક ક્યા મરી ગયો અને તેને કોણે દાટ્યો?

૧૯ યાકુબના દિકરાઓના નામ અર્થ સાથે આપો

૨૦. યુસફના ભાઇઓ શા માટે તેની અદેખાઇ કરતા હતા?

ભાગ ૮.

યુસફના મિસરમાં વેચાવાથી તેના મરણ સુધી. ૩૭–૫૦.

પ્રશ્નો.

૧. યુસફને શા માટે તેના ભાઇઓની પાસે મોકલવામાં આવ્યો હતો, અને તેની લાચારીનો તેઓએ કેવો લાભ લીધો?

૨. તેને મરણમાથી કોણે બચાવ્યો અને તેની ગેરહાજરી વિષે તેમના બાપની આગળ ભાઇઓએ શુ કહ્યુ?

૩ યુસફને શા માટે કેદખાનામા નાખવામા આવ્યો, અને તેની બધી પરિક્ષાઓમા તેણે તેનો ઇશ્વર પરનો વિશ્વાસ કેવી રીતે બતાવ્યો?

૪. મિસરનો ધણી થવા સારૂ તે કેવી રીતે ઉચો કરાયો?

૫ યુસફની વિદેશી બાયડી શાનું નિદર્શન છે?

૬. તેના ભાઇઓ મિસરમા કેવી રીતે આવ્યા અને તેના સ્વપ્ના કેવી રીતે પુરા પડયા?

૭ તેણે પોતાના ભાઇઓની પરિક્ષા કેવી રીતે અને શા માટે કરી?

૮ તે તેમની સાથે કેવી રીતે વર્ત્યો?

૯ પોતે મિસર મોકલાવાનુ કારણ તેણે કેવુ કહ્યુ?

:

૧૦. ઇસ્રાએલનાં છોકરાંને મિસરમાં આણવામાં ઇશ્વરનો શો ઇરાદો હતો?

૧૧ તેના દિકરાઓએ જ્યારે કહ્યુ કે યુસફ હજી જીવે છે ત્યારે શું યાકુબે પ્રથમ વાત માની? તેમણે પોતાની સાથે કઇ સાબીતી આણી હતી?

૧૨. યાકુબના મિસર જવાની, તથા યુસફને અને ફારૂનને મળવાની વાત કહો.

૧૩. દેશમાં તેના સંતાનનું ભવિષ્ય કેવું થશે એ વિષે ઇશ્વરે ઇસ્રાએલને શુ કહ્યુ અને તેને કેવુ વચન આપ્યુ?

૧૪. તેના દરેક દિકરાને ઇસ્રાએલનો આખરનો આશિર્વાદ કેવો હતો?

૧૫ યુસફના દિકરાઓને આશિર્વાદ આપતા તેણે કેવું આત્મિક જ્ઞાન દેખાડયુ?

૧૬. તેના દફન સબંધી તેણે કેવી આજ્ઞા આપી?

૧૭. યુસફમા આપણે ખ્રીસ્તનુ નિદર્શન કેવુ જોઇએ છીએ?

૧૮. યુસફે પોતાના હાડકા વિષે શી આજ્ઞા આપી?

૧૯. ઇસ્રાએલે યુસફને કયુ ખાસ ઇનામ આપ્યું હતું અને નવા કરારમા તેની વાત કયા આવે છે? યોહાન ૪:૫.

૨૦. મસિહ સંબંધી ઉત્પત્તિમા આવતાં બધાં વચનો લખો.

પ્રેરિતોનાં કૃત્ય.

ભાગ ૧.

પ્રસ્તાવનાથી પ્રથમ સતાવણી સુધી. ૧:૧-૩:૨૬.

પ્રશ્નો.

૧. પ્રેરિતોના કૃત્ય કોણે અને કોના ઉપર લખ્યાં?

૨. પુનરૂત્થાન પછી ખ્રીસ્ત કેટલા દિવસ દેખાતો રહ્યો?

૩. ઇશુ વિષે શિષ્યોના મનમા હજું પણ કયો ભૂલ ભરેલો વિચાર હતો?

૪. ઇશુએ પોતાના આકાશગમન પુર્વે શિષ્યોને કઇ આજ્ઞા આપી અને કયુ વચન આપ્યું?

૫. તેના આકાશ ગમન પછી દુતોએ કયું દિલાસા ભરેલું વચન આપ્યું?

૬. ખ્રીસ્તના વચનના પુરા થવાની રાહ જોતા હતા એવામાં કયો એક અગત્યનો બનાવ બન્યો?

૭. તે વચન ક્યારે અને કેવી રીતે પુરૂ થયુ ?

૮. એટલી બધી જુદી જુદી ભાષાઓ બોલનાર એટલા બધા લોકો એ વખતે યરૂશાલેમમાં શુ કરવા એકઠા થયા હતા ?

૯. પવિત્રાત્માના બાપ્તિસ્માથી પીતરમા કેવો ફેરફાર થયો ?

૧૦. પીતરના ભાષણ તથા તેના પરિણામ વિષે કહો.

૧૧. પ્રથમના ખ્રીસ્તીઓ કેવી રીતે રહેતા હતા ?

૧૨. પહેલો ચમત્કાર કયો અને કોણે કર્યો

૧૩ પીતરના બીજા ભાષણનો વિષય શુ હતો ?

૧૪. લગડા માણસના સાજા થવા વિષે તેણે શુ ખુલાસો આપ્યો ?

૧૫. ઇશુ પ્રથમ કોની પાસે મોકલાયાનુ તેણે કહ્યુ ?

ભાગ ૨.

પહેલી સતાવણીથી ચોથી સતાવણી સુધી. ૪ : ૧-૭ : ૬૦.

૧. પહેલી સતાવણી.	૪ . ૧-૧૨.
૨. મડળીમા પહેલુ પાપ.	૫ ૧-૧૧.

૩. ચમત્કારો	૫ ૧૨–૧૬.
૪. બીજી સતાવણી.	૫ ૧૭–૪૨.
૫. પ્રથમ સેવકો (ડીકનો).	૬ ૧–૭.
૬. ત્રીજી સતાવણી.	૬ : ૮–૧૫,
૭ સ્તેફનનુ ભાષણ.	૭ ૧–૫૩,
૮. સ્તેફનનુ મરણ.	૭ ૫૪–૬૦.

પ્રશ્નો.

૧. આ ચમત્કારનું પરિણામ શુ થયુ ?

૨ કોની આગળ પીતર અને યોહાનને લાવવામા આવ્યા અને તેમને કેવા સવાલો પુછયા ?

૩. ઇશુના નામ વિષે પીતરે શુ કહ્યુ ?

૪. તેઓને છોડયા પછી તેઓએ શું કર્યું ?

૫. મંડળીમાં પ્રથમ પાપ કયુ થયેલુ જણાવ્યુ છે અને તેની શિક્ષા કેવી રીતે કરવામાં આવી હતી ?

૬ આની અસર મંડળીપર શી થઇ ?

૭. પ્રેરિતોએ કયા ચમત્કાર કર્યા અને ખાસ કરીને પીતરે ?

૮. બીજી સતાવણીનુ કારણ શું હતુ ?

૯. તેઓ કેદખાનામાંથી કેવી રીતે છુટયા, અને જ્યારે અમલદારોએ તેમને માટે તપાસ કરી ત્યારે બીજે દિવસે તેઓ કયા મળ્યા?

૧૦ જ્યારે તેમને ફરીથી સભા આગળ લાવવામા આવ્યા ત્યારે પ્રેરિતોએ શું જવાબ આપ્યો?

૧૧ મડલીમાં કઇ પચાતી ઉભી થઇ અને તેનો નિકાલ કેવી રીતે કરવામા આવ્યા?

૧૨. આ કામને માટે કેવી જાતના માણુસો પસદ કરવામાં આવ્યા હતા, અને મંડળીના કોઇપણ જાતના કામમાં જોઇતા માણુસો કેવા હોવા જોઇએ એ વિષે આપણે આ ઉપરથી શુ શાખી શકીએ?

૧૩. ત્રીજી સતાવણીનુ કારણ કેવુ હતુ?

૧૪ સ્તેફનના ભાષણુ વિષે કહો. તેણે યહુદીઓ ઉપર કયા પાપનુ તહોમત મુકયુ?

૧૫ સ્તેફનના મરણુની વાત કહો

ભાગ ૩.

ચોથી સતાવણીથી પહેલો વિદેશી ખ્રીસ્તી થયો ત્યાં સુધી.

૮ : ૧–૯ : ૪૩.

૧. ચોથી સતાવણી.	૮ : ૧–૩.
૨. પ્રથમ મિશનેરીઓ.	૮ : ૪.
૩. ફીલીપનું કામ.	૮ . ૫–૪૦.
૪ શાઉલનું રૂપાતર	૯ : ૧–૧૯.

૫. સાઉલ ઉપદેશ કરે છે અને યરૂશાલેમ જાય છે.	૯ ૨૦-૨૯.
૬. મડળીઓને શાતિ.	૯ · ૩૧.
૭. પીતરના ચમત્કારો.	૯ ૩૨-૪૩.

પ્રશ્નો.

૧. સ્તેફનના મરણ પછી જે મોટી સતાવણી થઇ તેનુ વર્ણન કરો.

૨ આ સતાવણીમાં એક આગેવાન કોણ હતો?

૩. આના પરિણામે સુવાર્ત્તા કયા કયાં ગઇ?

૪. સમારીયામા ફીલીપના ઉપદેશ કરવાનુ પરિણામ શુ આવ્યું?

૫. જ્યારે યરૂશાલેમની મડળીએ સમારીયામા ચાલતી જાગૃતિ વિષે સાંભળ્યું ત્યારે તેમણે ત્યા કોને મોકલ્યા અને તેનુ પરિણામ શું આવ્યું?

૬. આત્માએ ફીલીપને પછી કયા મોકલ્યો અને શા હેતુ માટે?

૭. સાઉલ દમસ્ક જવા શું કરવા નીકળ્યો?

૮. તેના રૂપાતરની વીષે કહો.

૯. તેના રૂપાતરની પછી તરતજ તેણે શુ કર્યું?

૧૦ તેણે દમસ્ક કેમ છોડયુ ?

૧૧. યરૂશાલેમમાના શિષ્યો તેનાથી કેમ બીહતા હતા ?

૧૨. કોણ તેનો મિત્ર થયો અને આજ માણસ બીજાઓએ કહાડી મુકેલાઓનો મિત્ર થતો પ્રેરિતોના કૃત્યમા આપણા વાચવામાં કેટલીવાર આવે છે ?

૧૩ સાઉલના રૂપાતરનુ એક પરિણામ શું થયુ ?

૧૪ લુદામા પીતરે કયો ચમત્કાર કર્યો ?

૧૫ દરકાસને મરેલામાથી ઉઠાડવા વિષે કહો.

ભાગ ૪.

પહેલો વિદેશી ખ્રીસ્તી થયો ત્યાંથી તે પાઉલની પહેલી મુસાફરી સુધી. ૧૦ : ૧–૧૨ : ૨૫.

૧. કરનેલ્યસનુ દર્શન, ૧૦ : ૧–૬. કરનેલ્યસ પીતરને તેડાવે છે. ૧૦ ૭–૮.
૨. પીતરનુ દર્શન, ૧૦ ૯–૨૨. પીતર કાઇસારીઆ જાય છે. ૧૦ ૨૩–૩૩.
૩. પીતરનુ ભાષણ, ૧૦ ૩૪–૪૩, અસર ૧૦ ૪૪–૪૮
૪. પીતર વિદેશીઓમા પોતે કરેલા કામનો ખુલાસો આપે છે. ૧૧ : ૧–૧૦.
૫ અંત્યોખમા મડળી, નવુ નામ ૧૧ ૧૯–૩૦.

૬. પાંચમી સતાવણી, પીતરનું પકડાવું ૧૨ . ૧-૪.
૭ પીતરનો છુટકારો. ૧૨ : ૫-૧૯.
૮. હેરોદનુ મરણ. ૧૨ : ૨૦-૨૩.
૯. બાર્નાબાસ અને સાઉલ અત્યોખ પાછા આવે છે. ૧૨ : ૨૫.

પ્રશ્નો.

૧. કરનેલ્યસને કેવુ દર્શન થયું અને કોને તેડાવવાનું તેને કહેવામા આવ્યુ ?

૨. આ વિદેશોની સેવા કરવાને પ્રભુએ પીતરને કેવી રીતે તૈયાર કર્યો ?

૩. શા માટે આવી તૈયારી અગત્યની હતી ?

૪ કરનેલ્યસના ઘરમા એકઠા થયેલા લોકોની આગળ ઉપદેશ ચાલતો હતો તેવામા શુ બન્યું ?

૫. પ્રેરિતોએ પીતરનો કઇ બાબતમા વાક કહાડ્યો ?

૬. અત્યોખના લોકોએ સુવાર્ત્તા કેવી રીતે સાભળી અને યરૂશાલેમની મડળીએ તેમની પાસે કોને મોકલ્યો ?

૭. આ કામમા પોતાને મદદ કરવા બાર્નાબાસ કોને લાવ્યો ?

૮. અંત્યોખમા પ્રભુના શિષ્યોને કયુ નવુ નામ મળ્યું ?

૯. હેરોદે કોને મારી નાખ્યો અને પીતરને તેણે શું કર્યું ?

૧૦ પીતર કેદખાનામાંથી કેવી રીતે છોડાવાયો?

૧૧. પીતર કેદખાનામાં હતો તે દરમ્યાન મંડળી શું કરતી હતી?

૧૨ આ ઉપરથી આપણે શું પાઠ શીખી શકીએ છીએ?

૧૩. માણુસો પાસેથી માન પામવા અને દેવને મહિમા ન આપવા માટે હેરોદ ઉપર શી શીક્ષા આવી પડી?

૧૪ બાર્નાબાસ અને સાઉલ યરૂશાલેમ શું કામ મોકલવામાં આવ્યા?

૧૫ તેઓ અંત્યોખ પાછા આવતા પોતાની સાથે કોને લેતા આવ્યા?

ભાગ ૫.

પાઉલની પહેલી મિશનેરી મુસાફરી. ૧૩:૧- ૪:૨૮.

૧. પાઉલ અને બાર્નાબાસને પવિત્ર આત્મા તેડે છે	૧૩ ૧-૨.
૨ પાઉલની પહેલી મિશનેરી મુસાફરી.	૧૩ ૩-૫
૩. શૈતાનથી અટકાવ	૧૩ : ૬-૧૩.
૪. પીસીદીના અંત્યોખમાં સભાસ્થાનમાં પાઉલનું ભાષણ.	૧૩ : ૧૪-૪૩.
૫ યહુદીઓથી અટકાવ, પ્રેરિતો વિદેશીઓની ગમ ફરે છે.	૧૩ . ૪૪-૫૨.
૬. ઇકોનીમા અને લુસ્ત્રામા કામ.	૧૪ ૧-૧૯.
૭ પહેલી મુસાફરીનો અંત.	૧૪ : ૨૦-૨૮.

પ્રશ્નો.

૧. પહેલા નીમાયલા મિશનેરીઓ કોણ હતા અને તેઓ કેવી રીતે મોકલાયા હતા?

૨. તેમણે પોતાની સાથે કોને લીધો અને તેમની પ્રથમ અટકવાની જગ્યા કઈ હતી?

૩ તેમને પહેલો અટકાવ કયો થયો?

૪. પીસીદીના અંત્યોખમાના પાઉલના ભાષણનો વિષય શો હતો?

૫. તેમને ઉલટા કોણ થયા અને પછી તેઓ સુવાર્તા લઇને કોની પાસે ગયા?

૬. ઇકોનીમા સુવાર્તાનો સત્કાર કેવો થયો?

૭. લુસ્ત્રામા શુ બન્યુ?

૮. તેજ શહેરોમાથી પાછા ફરતાં તેમણે શુ કર્યું?

૯. આ મુસાફરી દરમ્યાન જે જે ગામ તેઓ ગયા તેમનાં નામ અનુક્રમે આપો.

૧૦. અંત્યોખ પાછા ફરતાં તેમણે શું કર્યું?

ભાગ ૬.

યરૂશાલેમની સભાથી પાઉલની બીજી મિશનેરી મુસાફરીના અંત સુધી. ૧૫ : ૧-૧૮ : ૨૨.

૧. યરૂશાલેમમાં સભા તથા વાદવિવાદ.	૧૫ ૧-૧૨.
૨. સભાનો ઠરાવ.	૧૫ : ૧૩-૩૫.
૩. બીજી મુસાફરીને માટે સીલાસને પસંદ કરવામા આવે છે.	૧૫ : ૩૬-૪૧.
૪. પાઉલને તીમોથી મળે છે.	૧૬ ૧-૫
૫. માકદોન્યાનુ દર્શન	૧૬ ૬-૧૧.
૬. પાઉલ અને સીલાસ ફીલીપીમાં.	૧૬ ૧૨-૪૦.
૭. થેસ્સાલોનિકામા મંડળીની સ્થાપના.	૧૭ ૧-૯.
૮ પાઉલ અને સીલાસ બેરીઆમા.	૧૭ : ૧૦-૧૪.
૯, પાઉલ આથેન્સમા	૧૭ ૧૫-૩૪.
૧૦. પાઉલ કરિંથમા	૧૮ : ૧-૧૭.
૧૧. પાઉલનુ અંત્યોખ પાછા ફરવું.	૧૮ : ૧૮-૨૨

પ્રશ્નો.

૧. આ સમયે સુનત સંબંધી શો ઝઘડો ઉભો થયો અને તેનો નિકાલ કેવી રીતે કરવામા આવ્યો

૨. વડીલોનો ઠરાવ મંડળીઓને જાહેર કરવાને પાઉલ અને બાર્નાબાસની સાથે કોણ મોકલવામા આવ્યું ?

૩. પાઉલ અને બાર્નાબાસની વચ્ચે કેવો ટંટો ઉભો થયો ?

૪. બાર્નાબાસ અને માર્ક ક્યાં ગયા?

૫ કામમા પોતાના સાથી તરીકે પાઉલે કોને પસંદ કર્યો ?

૬. પાઉલને લુસ્ત્રામા કોણ મળ્યું અને તેના વિષે શું કહેવામાં આવ્યુ છે?

૭. ત્રોઆસમા પાઉલને કેવુ દર્શન થયું?

૮. ફીલીપીમા પહેલો ખ્રીસ્તી કોણ થયો!

૯. પાઉલ અને સીલાસને શા માટે બંદીખાનામાં નાંખ્યા?

૧૦. તેઓ ત્યા હતા એવામા શુ બન્યું તે કહો.

૧૧. ફીલીપીના દરોગાના રૂપાંતરની વાત કહો.

૧૨. થેસ્સાલોનિકામાં પાઉલ અને તેના સાથી વિષે અધિકારીઓ પાસે કેવી ફરીયાદ કરવામાં આવી હતી?

૧૩. કયા ગામમાં લોકોએ વાત આનંદથી અંગીકાર કરી અને ધર્મ લેખો તપાસી જોયા?

૧૪ પાઉલના આથેન્સમા રહેવા વિષે કંઇ કહો

૧૫. કયા શહેરમાં પાઉલે પોતાના ધંધાનુ કામ કર્યું અને તેનો ધંધો શો હતો?

૧૬, કરિંથમા પાઉલને કેવુ દર્શન થયુ ?

૧૭ થોડીવાર એફેસસ જઇ આવ્યા પછી પાઉલ કયા ગયો ?

ભાગ ૭.

પાઉલની ત્રીજી મિશનેરી મુસાફરી. ૧૮ : ૨૩–૨૧ : ૨૬.

૧. પાઉલ ગલાતી અને ફરૂજ્યા જાય છે.	૧૮ ૨૩.
૨ આપોલસ એફેસસમા.	૧૮ ૨૪–૨૮.
૩. પાઉલ એફેસસમા.	૧૯ : ૧–૪૧.
૪. માકેદોન્યા અને હેલ્લાસમા ફેરો.	૨૦ : ૧–૫.
૫. પાઉલ ત્રોઆસમાં	૨૦ ૬–૧૨.
૬. ત્રોઆસથી મીલેતસ	૨૦ ૧૩–૩૮.
૭. મીલેતસથી તુર.	૨૧ ૧–૭.
૮. કાઇસારીઆથી યરૂશાલેમ, પાઉલનુ પકડાવુ.	૨૧ ૮–૨૬.

પ્રશ્નો.

૧. ગલાતી અને ફરૂજ્યામા પાઉલના ત્રીજા ફેરા વિષે શુ કહેલું છે ?

૨. એફેસસમા કોણે ઇશુને પ્રગટ કર્યો અને આકુલા તથા પ્રિસ્કીલ્લાએ કોને વધારે શીખાડ્યુ ?

૩ પાઉલ એફેસસ આવ્યો ત્યારે તેને કોણ મળ્યુ ?

૪. તેણે શો સવાલ પુછ્યો અને શું બન્યુ ?

૫. પાઉલ એફેસસમાં કેટલીવાર રહ્યો અને તેણે કેવા ચમત્કારો કર્યા ?

૬. વિશ્વાસી થએલાઓમાના કેટલાએકે શુ કયુ ?

૭. એફેસસમા ગરબડ શાથી થઇ ?

૮. એફેસસ છોડયા પછી પાઉલ કઇ કઇ જગ્યાએ ગયો ?

૯ આસિયામા તેની સાથે કોણ ગયુ ?

૧૦. પાઉલ ત્રોઆસમા ઉપદેશ કરતો હતો ત્યારે શુ બન્યુ ?

૧૧ પાઉલ કયા જતો હતો અને શા માટે ?

૧૨. એફેસી ભાઇઓને તેણે છેલ્લી સલામ કયા કરી અને શા માટે ?

૧૩. તુર છોડતી વખતે શુ બન્યુ ?

૧૪. પાઉલ કાઇસારીઆમા કોની સાથે રહ્યો અને ત્યા શું બન્યુ ?

૧૫. પાઉલને યરૂશાલેમ નહિ જવાને વિનવ્યો ત્યારે પાઉલે કેવો જવાબ આપ્યો ?

ભાગ ૮.

પાઉલ યરૂશાલેમમાં પકડાયો ત્યાંથી આગ્રીપા આગળ તેની તપાસ ચાલી ત્યાં સુધી. ૨૧ : ૨૭-૨૬ : ૩૨.

૧. પાઉલનુ પકડાવુ.	૨૧ ૨૭-૪૦.
૨ પાઉલનો લોકો આગળ બચાવ.	૨૨ ૧-૩૦.
૩ પાઉલ ન્યાય સભા આગળ	૨૩ ૧-૧૦
૪. પાઉલ કેદખાનામા.	૨૩ ૨૩-૩૫.
૫. પાઉલને ફેલીકસ પાસે મોકલવામા આવે છે.	૨૪ ૧--૨૬.
૬ પાઉલ ફેસ્તસ આગળ	૨૪ ૨૭-૨૫ ૯
૭. કાઇસાર પાસે દાદ માગવી	૨૫ · ૧૦-૧૨.
૮. પાઉલ આગ્રીપા આગળ	૨૫ ૧૩-૨૬ ૩૨.

પ્રશ્નો.

૧ પાઉલને શા માટે પકડયો?

૨. લોકોના હાથમાથી તેને કોણે છોડાવ્યો?

૩. લોકો આગળ તેણે પોતાના બચાવમા શું કર્યું?

૪. સરદાર શાથી બિહયો?

૫ પાઉલ ન્યાય સભા આગળ ઉભો હતો ત્યારે તેઓમા શાથી ફુટ પડી?

૬. આ વખતે દેવે પાઉલને કેવી રીતે દિલાસો દીધો?

૭. પાઉલને મારી નાંખવાની યોજના કોણે શોધી કહાડી અને તેને કેવી રીતે અટકાવી ?

૮. ફેલીકસ આગળ પાઉલ પર કેવુ તહોમત મુકવામાં આવ્યું અને પાઉલે પોતાના બચાવમાં શું કહ્યુ ?

૯. જ્યારે તે બીજીવાર ફેલીકસ આગળ આવ્યો અને ન્યાયીપણુ, સ્વદમન તથા આવનાર ન્યાયકાળ વિષે સમજાવતો હતો ત્યારે તેની ફેલીકસ ઉપર કેવી અસર થઇ અને તેણે શુ કર્યું ?

૧૦ બીજીવાર તપાસ ચાલવા અગાઉ કેદખાનામા તે કેટલો વખત રહ્યો અને શા માટે ?

૧૧. ફેસ્તસ આગળ પાઉલની તપાસનો હેવાલ આપો , તેણે કોની પાસે દાદ માગી ?

૧૨. પાઉલ આગ્રીપા આગળ આવ્યો ત્યારે તેણે કેવી સાક્ષી આપી ?

૧૩. તેણે આગ્રીપાને કેવો સવાલ પુછયો અને તેનો તેને કેવો જવાબ મળ્યો ?

૧૪. રાજા આગ્રીપા અને જે લોકો તેની વાત સાંભળતા હતા તે બધા વિષે પાઉલે પોતાની ઇચ્છા કેવી જણાવી ?

૧૫. પાઉલ વિષે તેમનો અભિપ્રાય કેવો હતો !

ભાગ ૯.

પાઉલનું રૂમ જવું તથા ત્યાં રહેવું. ૨૭ : ૧-૨૮ : ૩૧.

૧. પાઉલને રૂમ મોકલવામા આવે છે	૨૭	૧-૧૩.
૨. તોફાન.	૨૭	૧૪-૪૪.
૩. મેલીટા ઉતરવુ એરૂ કરડયાનો ચમત્કાર.	૨૮	૧-૬
૪. પબ્લિયસના બાપને સારો કરવો.	૨૮	૭-૧૫
૫. પાઉલ રૂમ આવી પહોચે છે	૨૮	૧૬
૬. પાઉલ રૂમમા તેનુ યહુદીઓમા કામ	૨૮	૧૭-૨૪.
૭. પાઉલ વિદેશીઓ ભણી ફરે છે.	૨૮	૨૫-૩૧.

પ્રશ્નો.

૧ મહાસાર પાસે જવાને પાઉલને કયે શહેર મોકલવામા આવ્યો?

૨. પાઉલ તથા બીજા કેદીઓ કોના હાથમા હતા?

૩ તેણે પાઉલ પર કેવી મહેરબાની દેખાડી?

૪ પાઉલનો કયો ઓળખીતો તેની સાથે હતો અને કયા અધ્યાયમા આપણે તેના વિષે આગળ વાચી ગયા?

૫ વહાણ ક્રેતેને ઓથે કેમ હંકાર્યું અને પાઉલે વહાંણના ઉપરીને કેવી ચેતવણી આપી?

૬. જે તોફાન ઉઠ્યુ તેનું વર્ણન કરો

૭. પાઉલે તે વહાણના ખલાસીઓને તથા ઉતારૂઓને કેવી હિમ્મત આપી ?

૮. કોની પાસેથી તેને સમાચાર મળ્યાનુ તેણે કહ્યું ?

૯. તોફાનથી કેટલા દિવસ હડસેલા ખાધા પછી તેમને માલુમ પડયું કે તેઓ કાંઠાની નજીક હતા, અને તે તેઓએ કેવી રીતે જાણ્યુ ?

૧૦. પાઉલે તેમને કઇ સારી શિખામણ આપી અને તેણે કેવી રીતે નમુનો આપ્યો ?

૧૧. તેઓ બધા આખરે કેવી રીતે બચ્યા ?

૧૨ મેલીટાના લોકોએ ને પરદેશીઓનો આવકાર કેવો કર્યો ?

૧૩. પાઉલને શુ થયુ અને લોકોએ પ્રથમ શું ધાર્યું અને તેઓએ તેમના વિચાર પાછળથી શા માટે ફેરવ્યા ?

૧૪ તેણે પછીથી કયો ચમત્કાર કર્યો ?

૧૫. પાઉલ મેલીટામા કેટલો વખત રહ્યો, અને તે છોડીને તે ઇટાલીમા કયાં જઇ ઉતર્યો ?

૧૬. રૂમમા પાઉલ પ્રત્યે કેવી વર્તણુક ચલાવવામા આવી ?

૧૭. તેના ત્યા આવ્યા પછી તેણે કેટલીવારે યહુદીઓને એકઠા બોલાવ્યા અને તેણે તેમને શું કહ્યુ ?

૧૮. જયારે યહુદીઓ એક મતના ન થયા પણ કેટલાએકે માન્યુ અને કેટલાએકે ન માન્યું ત્યારે તેણે કઇ ભવિષ્યવાત ટાકી અને શુ કહ્યુ ?

૧૯. તેના પોતાના ભાડાના ઘરમા પાઉલે કેટલા વરસ રહીને રૂમમા સુવાર્તા પ્રગટ કરી ?

---

૧ થેસ્સાલોનીકીઓ.

ભાગ ૧.

નમુનારૂપ મંડળી અને ખ્રીસ્તી જીવનના ત્રણ કાળ.

૧. સલામ.	૧	૧.
૨. ઉપકાર સ્તુતિ.	૧	૨.
૩. ખ્રીસ્તી જીવનના ત્રણ કાળ.	૧	૩, ૯-૧૦.
૪. નમુનારૂપ મંડળી	૧	૪-૯.

પ્રશ્નો.

૧. આ પત્ર કોણે લખ્યો ?

૨. તે કયા અને કયારે લખવામા આવ્યો ? કરીંથમાં, ઇ. સ. ૫૪.

૩. એમાં શો વિષય છે ?
(अ) નવા શિષ્યોને તેમને શીખાડેલી સત્ય વાતોમા સ્થિર કરવાનો,
(ब) પવિત્રાઇમા વધતા જવાનો બોધ કરવાનો, અને
(क) મુએલાઓ સબધી તેમને દિલાસો દેવાનો.

૪. આ મંડળીની સ્થિતિ કેવી હતી ?

૫. કૃપા અને શાંતિ એટલે શું ?

૬. આ મંડળી વિષે પાઉલની કાળજી આ પત્રમા કેવી બતાવી છે ?

૭ તેમને માટે તેણે ઇશ્વરની ઉપકાર સ્તુતિ શું કરવા કરી ?

૮. ખ્રીસ્તી જીવનના ત્રણ કાળ કયા કયા છે ? ભુત-" વિશ્વાસનુ કામ, " વર્ત્તમાન-" પ્રેમની મહેનત, " ભવિષ્ય-" આશાની સહનતા " કલમ ૩

૯. " વિશ્વાસનું કામ ", " પ્રેમની મહેનત ", " આશાની સહનતા " એટલે શું ?

૧૦ દેવથી પસંદ કરાયલા હોવાની તેમને શી રીતે ખાત્રી થઇ હતી ?

૧૧ (દેવની) વાત સ્વીકારવાનુ પરિણામ શુ આવ્યુ ?

૧૨ તેઓ નમુનારૂપ મંડળી કેવી રીતે હતા ?

૧૩. હૃદયમા ઇશ્વરના ખરા કામનુ પરિણામ હમેશા કેવુ થાય ?

ભાગ ૨.

નમુનારૂપ ઉપદેશક અને તેનુ પ્રતિદાન.

૧. નમુનારૂપ ઉદેશકને સતાવણી ભોગવવી પડેછે.	૨ : ૨
૨. સુવાર્ત્તા, એ દેવનો એક કારભાર	૨ ૪
૩. ઉપદેશકનુ જીવન.	૨ . ૬, ૯–૧૦
૪. ઉપદેશકનો સદેશો.	૨ ૩, ૫
૫. તેના શિષ્યો પ્રતિ તેનો ભાવ.	૨ ૭–૮, ૧૧, ૧૩, ૧૭
૬. ઉપદેશકનુ પ્રતિદાન	૨ · ૧૯.

પ્રશ્નો.

૧ પાઉલની ફીલિપીમા શી સતાવણી થઇ હતી ?

૨ આમ છતા તેણે થેસ્સાલોનીકામા કેવી રીતે બોધ કર્યો ?

૩ તે સુવાર્તાને કેવી ગણતો હતો ?

૪. પોતે કોને જવાબદાર હોવાનુ તે માનતો હતો ?

૫. તેમનામા પોતાની ચાલ કેવી હતી એ વિષે પાઉલ શુ કહે છે ?

૬. સંદેશો કેવી રીતે પ્રગટ કરવામા આવ્યો હતો ?

૭ તેના શિષ્યો પ્રતિ પાઉલનો ભાવ કેવો હતો ?

૮. તેઓએ વાત કેવી અંગીકારી ?

૯. તેઓ કેવી રીતે સતાવાયા હતા ?

૧૦ તેમનાથી વેગળા થયા પછી પાઉલની મોટી ઇચ્છા શી હતી ?

૧૧. તેણે પોતાનો પ્રેમ અને કાળજી કેવી રીતે બતાવ્યા ?

૧૨. તે તેમને વાસ્તે શા માટે એટલો બધો ચિંતાતુર હતો ?

૧૩. તેમના સંબંધી તે કેવી રીતે દિલાસો પામ્યો ?

૧૪. પોતાના શિષ્યોને માટે પાઉલે કેવી પ્રાર્થના કરી ?

૧૫. કઇ ત્રણ વાત વિષે તેણે ખાસ પ્રાર્થના કરી ?

ભાગ ૩.

નમુનારૂપ ચાલ અને વિશ્વાસીની આશા.

પ્રશ્નો.

૧ આ શિષ્યોને પાઉલે શો બોધ આપ્યો ?

૨ કલમ ૧ અને ૩ ને શો સબંધ છે ?

૩. દેવે તેમને શામા તેડયા હોવાનું પાઉલે કહ્યુ ?

૪. આ પત્રમા બતાવ્યા પ્રમાણે પવિત્રી કરણ એ શુ છે ?

૫ તે તેમને કઇ બીજી એક અગત્યની ફરજ વિષે ચેતવણી આપે છે ?

૬. તે તેમને જે બીજુ શીખાડે છે તે શુ ખ્રીસ્તી ચાલનો એક ભાગ છે ?

૭. આ અધ્યાયની છેલ્લી ૭ કલમોમા બતાવ્યા પ્રમાણે મડળીની મોટી આશા શી છે ?

૮. પુનરુત્થાન વિષે, અને તેના આવવાની વેળાએ જેઓ જીવતા હશે તેમના વિષે આપણને શુ શીખાડવામાં આવે છે ?

૯ જિંદગીમા આપણે એક બીજાને કેવો દિલાસો દેવો ?

ભાગ ૪.

નમુનારૂપ ચાલ અને પ્રભુનો દિવસ. (પ્રકટી કરણ. ૧૯ : ૧૧-૨૧)

૧	પ્રભુનો દિવસ	૫	૧-૩
૨	અજવાળાના છોકરા	૫	૪-૫, ૮-૧૦
૩	જગતની હાલત	૫	૬-૭
૪.	આત્મિક વાતોમા તેમના આગેવાનો તરફ વિશ્વાસીનો ભાવ.	૫	૧૨-૧૩.
૫.	અડોઅલો તરફ વિશ્વાસીનો ભાવ	૫	૧૪-૧૫.
૬	પરચુરણ બોધ	૫	૧૬-૨૨
૭	પ્રેરિતનો આશિર્વાદ અને પ્રાર્થના	૫	૨૩

પ્રશ્નો.

૧. પ્રભુનો દિવસ કેવી રીતે આવશે ?

૨ વખતો તથા સમયો વિષે થેસ્સાલોનીકીઓને લખવાની પાઉલને કેમ અગત્ય ન હોતી ?

૩ તે દિવસ તેમના પર કેમ ઓચીતો આવી ન પડે ?

૪. જગતના લોક વિષે શુ કહેલુ છે ?

૫ ખ્રીસ્તીઓએ પોતાને કેવી રીતે તૈયાર રાખવા જોઇએ ?

૬. તેમને શાને સારૂ ઠરાવ્યા છે?

૭ પ્રભુમા તેમના આગેવાનો પ્રત્યે વિશ્વાસીઓએ કેવી રીતે વર્તવુ જોઇએ?

૮. મંડળીમા બીજા બાકીનાની સાથે તેમણે કેવી રીતે વર્તવુ જોઇએ?

૯. આનંદ, ઉપકાર સ્તુતિ અને પ્રાર્થના કરવા વિષે પ્રેરિત શું કહે છે?

૧૦. તેમને માટે તેની છેલ્લી પ્રાર્થના શી છે?

૧૧. કઇ કલમ પરથી આપણે શીખીએ છીએ કે માણસમાં ત્રીએકપણુ છે?

૨. થેસ્સાલોનીકીઓ.

ભાગ ૧.

સલામ અને ઉપકારસ્તુતિ. ૧ : ૧-૪.

પ્રશ્નો.

૧ આ પત્ર કોણે અને ક્યારે લખ્યો? પાઉલે, તે મંડળીને પહેલો પત્ર લખ્યા પછી તરત

૨. તે શા માટે લખવામા આવ્યો હતો? ખ્રીસ્તના આવવા વિષે નવા શિષ્યોના મનમા ઉભી થયેલી ભુલ સુધારવાને લખવામા આવ્યો એવું ધારવામા આવે છે કે પાઉલના નામના એક બનાવટી કાગળથી તેઓ એવુ માનવા લાગ્યા હતા કે પ્રભુનો દિવસ તો આવી ગયા છે અને જે સતાવણી તેઓ સહે છે તે તો પ્રભુના તે મહાન અને ભયકર દિવસનીજ છે.

૩ પહેલા પત્રની સલામની સાથે સરખાવતા આ પત્રની સલામ કેવી જણાય છે?

૪. ઉપકારસ્તુતિ કરવાનુ પ્રેરિતને કયુ કારણ હતુ?

૫. આ શિષ્યોનો દાખલો પાઉલ બીજી મંડળીઓને કેવી રીતે આપે છે?

ભાગ ૨.

દુઃખમાં દિલાસો, અભક્તને શિક્ષા, અને પાઉલની પ્રાર્થના, ૧ : ૫-૧૨.

પ્રશ્નો.

૧ શા હેતુને માટે દુઃખ આવવા દેવામાં આવે છે?

૨ જ્યારે ઇશુ આવશે ત્યારે અભક્તને શુ થશે?

૩ કઇ કલમમા અંનતકાળીક શિક્ષાની વાત આવે છે?

૪. એમ કયારે થશે?

૫ પ્રભુના આવવાના વખતને આપણે કેવી રીતે જલદીથી આણી શકીએ છીએ?

૬. પાઉલની પ્રાર્થના શી હતી, અને આપણી પણ કેવી હોવી જોઇએ?

ભાગ ૩.

પ્રભુનો દિવસ અને પાપનું માણસ. ૨ : ૧-૧૨.

પ્રશ્નો.

૧ પાઉલે તેમને નહિ ગભરાવાનુ શા માટે કહ્યું?

૨ પ્રભુના આવવા અગાઉ કઇ બે વાતો થવી જોઇએ?

૩. તે પાપનુ માણસ પોતાને શા તરીકે કરી બેસાડશે અને લોકોને તે કેવી રીતે ભુલાવશે?
કલમ. ૪,૯-૧૦.

૪. પાઉલના વખતમાં શરૂ થએલો અધર્મનો મર્મ શું હજું પણ અસર કરે છે?

૫. સાતમી કલમનો અર્થ શો છે અને અટકાવનાર તે કોણ છે?

૬. સત્યની પ્રીતિ પામી નહિ લેવાનુ પરિણામ શુ આવે છે?

૭ પાપનુ માણસ કવી રીતે નાશ પામશે?

ભાગ ૪.

બોધ અને શિખાણ. ૨ : ૧૩–૩ : ૧૫.

પ્રશ્નો.

૧ શાને માટે સ્તુતિ કરવાને પાઉલ પોતાને બંધાએલો જણાવે છે?

૨ તેણ તેમને શો બોધ આપ્યો, કે જે ખાસ કરીને આપણા સમયને લાગુ પડે છે?

૩. તેમને માટે તેની ઇચ્છા શી હતી?

૪ તેણે તેમને શાને માટે પ્રાર્થના કરવાની વિનતી કરી?

૫. કઇ બે વાતો દેવ તેમને માટે કરશે એમ તેણે કહ્યું ?

૬ તેમના વિષે તેનો ભરોસો અને તેની ચાહના કેવાં હતાં ?

૭ આડા ચાલનારા પ્રત્યે કેવી રીતે વર્ત્તવાનુ તેમને કહ્યું ?

૮ મહેનતનું કામ કરવા વિષે પાઉલ તેમને કેવી રીતે નમુના રૂપ થયો ?

૯ જેઓ કામ ન કરે તેમને માટે તેણે કેવો નિયમ કહાડયો ?

૧૦. આળસનુ કુદરતી પરિણામ શું છે, કે જેના વિષે પાઉલ તેના શિષ્યોને ચેતાવે છે ?

ભાગ ૫.

આશિર્વાદ અને ઉપલેખ ૩ : ૧૬–૧૮.

પ્રશ્નો.

૧ તેનો આશિર્વાદ શો હતો અને ૧૬ મી કલમમાથી તમે પોતાને માટે શું ગ્રહણ કરો છો ?

૨ આ પત્રનો કેટલો ભાગ પાઉલના પોતાના હાથનો લખેલો છે ?